## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, અમે તો કોરોના સાથે જીવવા રાજી છીએ... પણ કોરોના રાજી નથી લાગતો...!!

# એન-૯૫ માસ્ક નાગરિકોને રૂપિયા ૨૫ માં મળવા જોઈએ : નિશિત વ્યાસ

ગાંધીનગર, તા. ૨૩

રાજયમાં કોરોનાની સારવારના બે ગણાથી વધારે ભાવોની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી નીશિત વ્યાસે જણાવ્યું હતું કે રાજ્યમાં રૂટિન વોર્ડમાં ગુજરાતમાં સરકારના આશીર્વાદથી ખાનગી હોસ્પિટલો દર્દીઓ પાસે ૧૦ હજાર રૂપિયા વસુલે છે તેની સામે મહારાષ્ટ્ર સરકાર માત્ર ૪ હજાર રૂપિયાની ફી છે, આઈસોલેશન અને આઈ.સી.યુ. અને વેન્ટીલેશનનો ચાર્જ ખાનગી હોસ્પિટલોમાં રૂ. ૧૯,૦૦૦ છે તેની સામે મહારાષ્ટ્રમાં માત્ર ૭,૫૦૦ રૂપિયા છે. આઈ.સી.સી.યુ. ગુજરાતમાં ખાનગી હોસ્પિટલો ૨૩,૦૦૦ વસુલે છે જ્યારે મહારાષ્ટ્રમાં માત્ર ૯,૦૦૦ હજાર ફી છે. મહારાષ્ટ્રમાં વધારે સંક્રમણ હોવા છતાં પણ ખાનગી હોસ્પિટલોમાં કોરોના સારવારના દર વ્યાજબી નક્કી કરવામાં આવ્યા છે.

રાજ્યના મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રીને વિનંતી કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી નીસિત વ્યાસે જણાવ્યું હતું કે કોરોનામાં લોકોની તકલીફ છે તેનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે વડોદરાની ટ્રાયો કલર હોસ્પિટલનો ગોધરાના નિવૃત્ત કર્મચારીએ સંપર્ક સાંધેલ ત્યારે હોસ્પિટલમાંથી જવાબ મળેલ કે દર્દીને લઈ આવો અમે દાખલ કરશુ. બપોરે દર્દી હોસ્પિટલ પહોંચ્યુ ત્યારે દર્દીનું ઓકસીઝન લેવલ ૭૦ હતું ત્યારે હોસ્પિટલ તંત્રએ તેમને પુછ્યું કે તમે પેમેન્ટ કેવી રીતે કરશો ત્યારે દર્દીએ સરકારી કાર્ડ હોવાનું જણાવતા તેમનાથી સરકાર દ્વારા પેમેન્ટ મળવાનું કહેતા દર્દી સાંજના ૭ વાગ્યા સુધી હોસ્પિટલમાં દાખલ કરવામાં ન આવ્યા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું કે સરકાર દ્વારા એક-એક વર્ષ સુધી પેમેન્ટ મળતુ નથી અને અનેક વખત ક્વેરીઓ કાઢીને પરત કરવામાં આવે છે એટલે અમે આવા દર્દીને દાખલ કરતા નથી. ગુજરાત સરકારની છાપ ગુજરાતના વેપારીઓમાં આવી ખરાબ થાય તે યોગ્ય નથી. મુખ્યમંત્રીએ આ બાબતે ખુલાસો કરીને આવી હોસ્પિટલો સામે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

સરકારની માસ્કના ભાવમાં નફાખોરી અંગેની નીતિનો પર્દાફાશ કરતાં નીશિત વ્યાસે જણાવ્યું હતું

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર ફાયરના આઠ કર્મચારી કોરોન્ટાઈલ બાદ ફરજ પર હાજર

## ચીફ ફાયર ઓફીસર મહેશ મોડ અને સાથી કર્મચારીઓએ ફુલોથી સ્વાગત કર્યું

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરમાં કોરોના ના કહેર વચ્ચે સતત રાત-દિવસ ફાયર વિભાગના કર્મચારીઓ પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ત્યારે ફાયર કર્મચારીઓને એનઆઈસીએમ સ્વાગત સાથે લેવા માટે ગયા હતા.તેમાં મનપાના કોર્પોરેટર જયદેવભાઈ પરમાર, ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ, સબ ફાયર ઓફિસર રાજકુમાર પી રાજપુત



વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કર્મચારીને કોરોના પોઝીટીવ આવતા ફાયર વિભાગના ૮ કર્મચારીઓને કોરોન્ટાઈલ એનઆઈસીએમ ખાતે કરવામાં આવ્યા હતા. ત્યારે આ સેન્ટર ખાતે મનપાના સ્ટે.કમિટી ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) દ્વારા રૂબરૂ મુલાકાત લઈને ત્યાં જરુરી વ્યવસ્થા કરવા માટે ત્યાંના ઈન્ચાર્જને સુચન કર્યુ હતું. જયારે શનિવારના રોજ ૧૪ દિવસ પૂર્ણ થતા અને તમામની તબિયત સારી હોવાથી પરત ફર્યા છે. ત્યારે આ ફાયર નો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓ આજરોજથી હાલમા ચાલી રહેલી કોરોના સંક્રમણની કામગીરીમાં જોડાઈ ગયા છે. મનપા દ્વારા એનઆઈસીએમ ખાતે કર્મચારીઓને તમામ સુવિધા પુરી પાડવામાં આવી હતી. ફાયરના કર્મચારીઓએ મ્યુનિસીપલ કમિશનર, નાયબ મ્યુનિસિપલ કમિશનર, સ્ટે.કમિટી ચેરમેન અને એનઆઈસીએમ ખાતે ફરજ બજાવતા ઈન્ચાર્જ ટેક્ષ ઈન્સ્પેકટર રણુભા વાઘેલા અને તેમની ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

# રોડ પર જીવન મરણના ઝોલા ખાઈ રહેલા કાચબાના બચ્ચાંને સે. ૭-સીના યુવાને નવજીવન બક્ષ્યું..!!

ગાંધીનગર, તા. ૨૩

“જેને રામ રાખે તને કોણ ચાખે ?” આ ઉક્તિ એક નાનકડાં કાચબાના બચ્ચાંને લાગુ પડી છે અને માત્ર ત્રણ થી ચાર ઈંચની લંબાઈ ધરાવતું આ બચ્ચું રોડ પર જીવન-મરણના ઝોલાં ખાઈ રહ્યું હતું ત્યારે એક વ્યક્તિ તેના માટે ફરિશ્તો બનીને આવ્યો જેણે રોડ પર કચડાઈ જાય તે પહેલાં આ ટચૂકડાં બચ્ચાને ઉપાડી પોતાના ઘરે લઈ આવ્યો. જો કે આ વ્યક્તિને કાચબાના આટલા નાના બચ્ચાંની માવજત કરવાનું ના ફાવતા ફરી તેનો જીવ જોખમમાં મુકાય તે પહેલાં જ તેણે સેક્ટર-૭-સી માં રહેતા એક પ્રકૃતિ પ્રેમી મિત્ર જેને આ

**લોકડાઉનના પ્રારંભે જ એક વ્યક્તિને મળેલા સાવ ત્રણ થી ચાર ઇંચના કાચબાંના બચ્ચાંને પુષ્પેન્દ્ર મોદીએ માવજતભરી સાર-સંભાળ સાથે મજબૂત કાચબો બનાવી દીધો**

પ્રકારના પ્રાણીઓ સાચવવાની ખૂબ ફાવટ છે તેમને સોંપી દીધો અને આ પ્રાણીપ્રેમી મિત્ર કાચબાના બચ્ચાં માટે જીવનદાતા સાબિત થયો અને આજે બે માસના અંતે આ બચ્ચું હવે તંદુરસ્ત સાથે મોટુ થઈ ગયુ છે.

લોકડાઉનના પ્રથમ દિવસે અમદાવાદથી પરત ફરીરહેલા ગાંધીનગરના એક વ્યક્તિએ રસ્તામાં રોડ પર કાચબાનું એક ટચુકડું બચ્ચું જોયુ જે જીવન મરણના ઝોલાં ખાઈ રહ્યું હતું. તેમણે આસપાસ જોયું તો ક્યાંય આ બચ્ચાંનો પરિવાર કે માતા હોય તેવું જણાયું નહી તેથી તેમણે એને પોતાની સાથે ઘરે લઈને આવ્યાં પરંતુ આટલુ નાના બચ્ચાને ખોરાક કેવી રીતે આપવો તે કામ તેમને ફાવ્યુ નહી અને બચ્ચું ભૂખ્યું રહેતા ફરી તેના અસ્તિત્વ પર જોખમ જણાયુ હતુ. આથી આ વ્યક્તિએ સેક્ટર-૭-સીમાં રહેતા પુષ્પેન્દ્ર મોદી નામના તેમના મિત્ર જેઓ “પપ્પુ”ના હુલામણા નામથી જાણીતા છે અને તેઓ પોતાના ઘરમાં જ કાચબા ઉપરાંત કબૂતર, સસલાં, ખિસકોલી, માછલીઓ, સાપ-વિંછી તેમજ સમડી સુદ્ધા રેસ્ક્યુ કરીને ઉછેરવાનો અનુભવ ધરાવતા હતા તેમને આ કાચબાનું બચ્ચું સોપ્યું હતુ. આ સમયે આ બચ્ચું માંડ ત્રણ થી ચાર જ ઈંચની લંબાઈ ધરાવતું હથેળીમાં સમાઈ જાય તેટલુ હતુ. પપ્પુભાઈએ આ બચ્ચા માટે કાકડી અને દૂધીની ખૂબજ ઝીણી ઝીણી સ્લાઈસ બનાવી તેના મ્હોં આગળ ઘણીવાર સુધી ધરી રાખવાનું કામ કર્યુ કેમ કે તે બચ્ચાંને તો બહારથી




આ રીતે ખોરાક લેવાનું પણ હજુ આવડ્યું નહોતુ. જો કે તેમની આ ટ્રીક કારગત નીવડી અને ધીમે ધીમે બચ્ચાંએ ખોરાક લેવાનું શરૂ કર્યુ અને સ્વસ્થ પણ થવા લાગ્યું.

આ પછી પપ્પુભાઈએ એક મોટો થર્મોકોલ બોક્સમાં કાળી માટી પાથરી તેમાં એક તરફ ઘઉં, જવારા વગેરે વાવી કુદરતી ઘાસ તૈયાર કર્યુ અને તેમાં એક નાનકડું તળાવ જેવું પણ બનાવ્યુ. આ બોક્સમાં પેલા કાચબાને બચ્ચાને રાખતા તેને સંપૂર્ણ કુદરતી માહોલનો અનુભવ થયો અને બચ્ચું ઝડપથી સ્વસ્થ થઈ હરવાફરવા લાગી ગયુ હતુ. આજે બે માસ પછી આ બચ્ચું તદ્દન સ્વસ્થ બની સારો એવો શારિરિક વિકાસ સાધી ચુક્યુ છે અને પપ્પુભાઈના અંદાજ મુજબ અત્યારે તેની વય છ માસની થઈ જશે. પપ્પુભાઈ આ કાચબાના બચ્ચાં માટે જીવનદાતા સાબિત થયાં છે.

## પપ્પુભાઈને વિવિધ પ્રાણી-પક્ષીઓના રેસ્ક્યુનો અનુભવ

સેક્ટર-૭-સી માં પ્લોટ નં. ૮૯૮/૧ ખાતે રહેતા ૩૧ વર્ષીય પુષ્પેન્દ્ર મોદી ઉર્ફે પપ્પુભાઈ અગાઉ પોતાના ઘરમાં ૯૬ કબૂતર, ૨૪ સસલાં,





૩ ખિસકોલી, ૧ સમડી, ૭ કાચબાં, ૧ વિંછી, ૧૨ સાપ અને ૨ પોપટનો ઉછેર કરી ચુક્યાં છે જેમાંથી મોટા ભાગના પ્રાણીઓ તેમને ઘાયલ થવાથી રેસ્ક્યુ કરવા માટે અડોશી-પડોશીઓ કે ઓળખિતાઓ દ્વારા પ્રાપ્ત થયાં હતા. આ પશુ-પક્ષીઓ પૈકી સમડી સહિત મોટાભાગનાને તેઓ ઈન્દ્રોદા પ્રકૃતિ ઉદ્યાનમાં દાનમાં આપી ચુક્યાં છે. અગાઉ તેમની પાસે અઢી હજાર જેટલી રંગબેરંગી માછલીઓ પણ હતી. જો કે હવે તેઓ એક ખાનગી ચેનલમાં એકાઉન્ટન્ટ તરીકેની નોકરી કરતા હોવાથી તેમની આ પ્રવૃત્તિ ખૂબ ઓછી થઈ જવા પામી છે.

# કલોલમાંથી જુગાર રમતા સાત શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં એલસીબી પોલીસે દરોડો પાડીને મસમોટુ જુગારધામ ઝડપી પાડ્યું છે. આ જુગારધામ પર જુગાર રમતા ૭ શકુનીઓને પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને મોબાઈલ સહિત કુલ ૧,૧૩,૩૦૦ ના મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં કલોલ પંથકમાં ટીમ સક્રિય હતી. ત્યારે બાતમી મળી હતી કે શ્રીનગર વિસ્તારના મકાન નં.૪૬ બી ખાતે મોટાપાયે જુગાર રમાય છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા કલોલના રમેશચંદ્ર નેણુમલ પંજવાણી (શ્રીનગર સોસાયટી), સુરેશકુમાર કાંન્તિલાલ શાહ (મીલ કામદાર સોસાયટી), રાજેન્દ્રભાઈ મફતલાલ પ્રજાપતિ (પ્રજાપતિવાસ), રાજકુમાર નેણુમલ પંજવાણી(શ્રીનગર), કનૈયાલાલ કિશનસિંહ પંજવાણી (ઈન્દીરાનગર), ગીરીશ કરશનભાઈ પ્રજાપતિ (કૃષ્ણનગર) અને દિલીપકુમાર ધીરુભાઈ પટેલ (શ્રીનગર) જુગાર રમતા રંગેહાથ પકડાયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી જુગાર રમવાનું સાહિત્ય, રોકડા રૂ. ૧,૨,૩૦૦ અને રૂ.૧૧,૦૦૦ની કિંમતના ૪ ફોન મળી આવ્યા હતા. પોલીસે જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## નાનકડી બાળકી બહાર નીકળે ત્યારે માસ્ક બંધાવા રડે છે

કોરોના વાઈરસ કોવિડ-૧૯ના સંક્રમણ અટકાવવા વહીવટીતંત્ર તથા જાગૃત નાગરિકો દ્વારા જનજાગૃતિ અભિયાન-દંડાત્મક સજાની જોગવાઈઓ કરી છે. સૌના હિત જળવાય, વાઈરસનું સંક્રમણ ન થાય અને સંક્રમણના ભોગ ન બને તેવા અનેક પ્રયાસો થકી માસ્ક પહેરવુ ફરજિયાત, સેનેટાઈઝરનો ઉપયોગ સો ગજની દૂરીના નિયમો પાળવા ખૂબજ મહત્વનું છે. ત્યારે સે. ૩-બી, ૧૩૪૯/૨, ગાંધીનગર સ્થિત એ.પી.એમ.સી.ના ચેરમેન, જાણીતા અગ્રણી વકીલ અશોકભાઈ એચ. પટેલની ભાણી એવી નાનકડી બાળા માસ્ક પહેરવુ એવો બોધપાઠ સાથે વડીલો ઘરની બહાર નીકળે ત્યારે બાળા માસ્ક બંધાવા રડે છે. તેણે તેડે તો પણ રમવા જતી નથી. બાળકીનો ચોક્કસ માસ્ક બાંધીને બહાર લઈ જવી ડે છે. બાળાની માસ્ક કપરા સંકટ સમયમાં કેટલુ મહત્વનુંછે, જિંદગી અમુલ્ય છે. સંક્રમણથી બચો તેવા બોધપાઠ સાથે માસ્ક બાંધવાનો તથા બોધપાઠ આપવાનો સંદેશ કંઈક બધું કહેવા અને સમજવા જેવું છે.



## ખૂણેખાંચરેથી

- ગુજરાતના જાણીતા જયોતિષી બેજાન દારૂવાલાને કોરોના પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- રાજ્યના જાબાંઝ મહિલા પોલીસ અધિકારી મંજીતા વણઝારાને તાજેતરમાં પ્રસુતિ થવાની છે. તબીબોએ તેમને આગામી મહિનાની તારીખો આપી છે. આમ છતાં તેઓ હાલ પોતાની ફરજ પર નિયમિત રીતે જાય છે અને રજા પર ઉતર્યા નથી. સલામ છે આ મહિલા અધિકારીને...
- ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં એક હજાર લીટર કરતાં વધુ ઉકાળાનું વિતરણ આયુષ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર મહાનગરાલિકા દ્વારા અત્યાર સુધીમાં ૪૮૦૦ કિલોથી વધુ બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર મનપાના ફાયર કર્મચારીઓ જેમને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં રાખવામાં આવ્યા હતા તેમને આજે રજા આપવામાં આવી છે. આ કર્મયોગીઓએ પુનઃ ફરજમાં જોડાઈ જવાની જાહેરાત કરી છે.

# અમદાવાદ સિવિલમાં ૧૦ સગર્ભાઓએ કોરોનાને મ્હાત આપી

## છેલ્લા ૪૫ દિવસમાં કોરનાગ્રસ્ત ૩૫ સગર્ભાઓ ધાત્રીમાતા બનીને સિવિલ હોસ્પિટલમાં જ સંપૂર્ણ સ્વસ્થ થઇ સ્વગૃહે પરત ફરી

અમદાવાદ, તા. ૨૩

‘કોરોનાની પરિસ્થિતિમાં સામાન્ય બિમારીમાં પણ હોસ્પિટલ તપાસ અર્થે જવા ઘણાં લોકો સંકોચ અનુભવતા હોય ત્યારે ગર્ભાવસ્થામાં મારી પ્રસુતિને લઈને હું ખુબ જ ચિંતિત હતી.એવામાં ખાનગી હોસ્પિટલે સારવાર કરવાની ના પાડતા મારી ચિંતામાં વધારો થયો હતો. ત્યારે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતા મને શ્રેષ્ઠ સારવાર મળી રહી અને મારા ઘરે બાળકનો જન્મ થયો...‘

આ શબ્દો છે...ધાત્રીમાતા આફરીનના... કોરોનાની કપરી પરિસ્થિતમાં જ્યારે કેટલીક ખાનગી હોસ્પિટલ પ્રસુતિ માટે નકારે છે ત્યારે સિવિલ હોસ્પિટલ આવી સગર્ભા માટે સહારો બનીને પોતાની ફરજ નિભાવી રહી છે.

જેના પરિણામે આજે સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડમાંથી પ્રસુતિની પ્રસન્નતા સાથે ૧૦ સગર્ભાઓ ધાત્રીમાતા બનીને કોરોનાને મ્હાત આપી સ્વગૃહે પરત ફરી હતી.

બાળકના જન્મથી હર્ષઘેલી આફરિન કહે છે કે ‘રમઝાન કે મહિને મેં અલ્લાતાલા કા ફરિસ્તા હમારે ઘર આયા હૈ. સિવિલ હોસ્પિટલમાં ખુબ જ સરસ સારસંભાળ રાખવામાં આવે છે તેમજ મારા ભોજનથી લઈને બાળકની સારસંભાળ સુધીની વ્યવસ્થામાં બાળકને ચેપ ન લાગે તેની પુરી વ્યવસ્થા કરવામાં આવી હતી.. કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વસ્છતા પણ ખુબ જ સરસ રાખવામાં આવે છે તેમજ અહીના તબીબથી લઈને તમામ કોરોના વોરિયર્સ ખુબ જ સહયોગી રહ્યા છે. આ વાત કરતા કરતા પોતાના નવજાત શિશુ સાથે ખુશખુશાલ થઈને આજે આફરીને કોરોનાને મ્હાત કરી ઘરે પરત ખરી હતી.



અમદાવાદ સિવિલમાં આજે કોરોનાગ્રસ્ત ૧૦ સગર્ભા સંપૂર્ણ સ્વસ્થ થઈને પોતાના ઘરે પ્રસન્ન મુખે પરત ફરી તેના પાછળનું કારણ તેઓને હોસ્પિટલમાં મળેલી શ્રેષ્ઠ સારવાર, ભોજન કાળજીપુર્વકના સ્તનપાન અંગે માૃગદશૃન, રોગપ્રતિકારક શકિત મજબૂત થાય તેના માટે આપવામાં આવતી વિશિષ્ટ દવાઓ, હોસ્પિટલનું ઘર જેવું વાતાવરણ, તબીબો-સ્ટાફનો અભિગમ, સફાઈ કર્મીઓનો સાથ સહકાર અને સાથે સાથે સુચારુ વ્યવસ્થાપન રહેલુ છે, તેવું સૌ ધાત્રી માતાઓએ કહ્યુ હતુ.

૧૨૦૦ બેડ હોસ્પિટલના મદદનીશ પ્રધ્યાપક ડૉ. શિતલ કાપડિયા કહે છે કે ‘હોસ્પિટલના ગાયનેક વિભાગમાં છેલ્લા ૪૫ દિવસમાં કોરનાગ્રસ્ત ૩૫ સગર્ભાઓ ધાત્રી માતા બનીને આ હોસ્પિટલમાં જ સંપૂર્ણ સ્વસ્થ થઈ સ્વગૃહે પરત ફર્યા છે.. જેમાં આજે એકસાથે સૌથી વધુ ૧૦ ધાત્રી માતાઓ હર્ષોલ્લાસ સાથે કોરોના સામેનો જંગ જીતી ઘરે જઇ રહી છે. સગર્ભાને કોરોના પોઝીટીવ આવે તો ગભરાવવાની જરૂર નથી, વિવિધ સંશોધનોના તારણ કહે છે કે આ વાઈરસ સીધા ગર્ભાશય કે બ્રેસ્ટ મિલ્ક મારફતે અંદર પ્રવેશી જતા નથી. પરંતુ હા સામાન્ય દર્દીની સરખામણીમાં સગર્ભાની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી તેમને વિશેષ કાળજી રાખવાની ખરી આવશ્યકતા છે .

ધાત્રીમાતા જયારે ડિસ્ચાર્જ થાય છે ત્યારે તેમને વિટામીનની ગોળીઓ આપવામાં આવે છે તેની સાથે સાથે પૌષ્ટિક આહાર લેવા માટેની સલાહ પણ આપવામાં આવે છે જેથી બાળક હરહંમેશ તંદુરસ્ત રહે.‘ એમ તેઓ ઉમેરે છે.

અન્ય અક કોરોનાગ્રસ્ત ધાત્રી માતા સેજલબેનના પતિ શ્રી વિરેન્દ્રભાઈ પાટીલ કહે છે કે ‘સિવિલ હોસ્પિટલ એ ભગવાનનું મંદિર હોય તેમ સાબિત થયું છે અહિંના તબીબોએ સતત સખત પરિશ્રમ સાથે સંવેદનશીલ અભિગમ દાખવીને મારા પત્નીની સારવાર કરી જેના કારણે સ્વસ્થ દિકરાનો જન્મ થયો છે. હું સહૃદયપૂર્વક ૧૨૦૦ બેડ હોસ્પિટલના તબીબો, સ્ટાફ મિત્રો, સફાઈ કર્મીની સેવાભાવના સાથેની કર્તવ્યનિષ્ઠાને બિરદાવું છું...’

સિવિલ હોસ્પિટલમાં કોરોનાની વિકટ પરિસ્થિતિઓ વચ્ચે પણ સગર્ભાની સંપૂર્ણપણે કાળજી સાથે સામાન્ય પ્રસુતિ કરાવીને તેઓને ઘરે મોકલતા માતાઓ અને નવજાત શિશુઓના મુખે ખિલખિલાટ જોવા મળી રહ્યો હતો.